INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી — તા. ૧૭-૦૯-૨૦૨૨

- **ભાજપાની માનસિકતા બહુ સ્પષ્ટ છે, જે તેમને અનુકુળ ન હોય, મદદ કરતા ન હોય, નડતરરૂપ હોય તેમને બનાવટી કેસો ઉભા કરી પાડી દેવાની નીતિના લીધે સહકારી માળખુ અને ખાસ કરીને દુધ સાગર ડેરીને મોટુ નુકસાન કર્યું : શ્રી અર્જુન મોઢવાડીયા.**

ભાજપાની માનસિકતા બહુ સ્પષ્ટ છે, જે તેમને અનુકુળ ન હોય, મદદ કરતા ન હોય, નડતરરૂપ હોય તેમને બનાવટી કેસો ઉભા કરી પાડી દેવાની નીતિના લીધે સહકારી માળખુ અને ખાસ કરીને દુધ સાગર ડેરીને મોટુ નુકસાન કર્યું છે ત્યારે આવી ભાજપની કિન્નાખોરી વાળી નીતિ પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં સૌથી મોટી પ્રતિષ્ઠિત ડેરી જે પશુપાલકોને મંડળીના સભ્યો માટે ઉત્તમનમૂના રૂપ કામગીરી કરી હતી તે દૂધ સાગર ડેરીના સ્થાપક માનસિંહભાઈ પટેલ હતા. અમૂલને વૈશ્વિક બ્રાન્ડ બનાવવા દૂધ સાગર ડેરીના સંચાલકો અને પશુપાલકોનો મોટો ફાળો છે. વર્તમાન સરકાર ભાજપે અમુલ ડેરીનો પરોક્ષ રીતે કબજો શ્રી સી.આર. પાટીલ અને અન્ય ભાજપાના નેતા કરવા માંગે છે અને અમુલની કરોડોની મિલકતમાંથી મલાઈ ખાવા માંગી રહ્યાં છે. ભાજપાના અનેક નેતાઓ પર ભ્રષ્ટાચાર કરવાના દસ્તાવેજી પુરાવા છે પરંતુ તેમના પર કોઈ પગલા લેવામાં આવતા નથી જ્યારે બીજી બાજુ બનાવટી કેસ બનાવી ભાજપા અનુકુળ ન થાય, મદદ કરતા ન બને, નડતરરૂપ થાય તેવા લોકોને હેરાનગતિ કરી રહી છે. ડેરીના સંચાલકો, પશુપાલકો ભાજપની કિન્નાખોરીવારી નીતિરીતિથી હેરાન પરેશાન છે. ભાજપની આ કિન્નાખોરીના ભાગરૂપે મારા ઉપર સમન્સ મોકલવાની વિગતો મીડીયાના માધ્યમોથી જાણવા મળી છે પરંતુ આ સમન્સ હજુ સુધી મને મળ્યું નથી જે સ્પષ્ટ બતાવે છે કે, ભાજપ મીડીયા ટ્રાયલ ચલાવી રાજકીય નુકસાન કરવાનો બદઈરાદો હોય તેમ જણાઈ રહ્યો છે. જે વખતે ડેરીમાં શ્રી વિપુલ ચૌધરી કાર્યરત હતા ત્યારે ભાજપ અને તેના નેતાઓ દ્વારા કિન્નાખોરી રાખીને શ્રી વિપુલ ચૌધરીને પાડી દેવા તેમજ ડેરીને પણ પાડી દેવાની કામગીરી થઈ હતી. અમે આજે પણ એ વાતને વળગી રહીએ છીએ કે, પશુપાલન અને ડેરી ઉધોગ ક્ષેત્રે ઉમદા કામ કરતા શ્રી વિપુલ ચૌધરીના અનુભવોનો ડેરી ઉધોગોને પ્રોત્સાહન મળે તે માટે ઉપયોગ થવો જોઈતો હતો.

સહકારી અને સરકારી મિલકતોમાંથી મલાઈ ખાવા ટેવાયેલા ભાજપના નેતા - આગેવાનોએ માત્ર રાજકીય કિન્નાખોરીને ધ્યાને રાખીને સમન્સની વિગત મીડીયામાં મોકલાવી હોય તેવુ સ્પષ્ટ જણાય છે. હજુ સુધી આ અંગેનું કોઈપણ કાગળ, પત્ર કે સમન્સ મને મળેલ નથી. જે ભાજપની સુનિયોજીત રીતે રાજકીય કિન્નાખોરી રાખીને ચારિત્ર્યખંડન કરવા માંગતી હોય તેમ જણાય છે ત્યારે મારી ભાજપ સરકારને ખુલ્લી ચેતવણી છે કે, તેમણે કિન્નાખોરીની તમામ હદ વટાવી છે ત્યારે આ પ્રકારના રાજકીય હથકંડાઓ બંધ કરી તંદુરસ્ત લોકશાહી રીતે રાજકીય હરીફાઈ કરે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા